પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૫૨ | ૩ મે, ૨૦૧૯, શુક્રવાર; ચૈત્ર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે ફની વાવાઝોડું ઓડિશામાં ત્રાટકશે

**ઓડિશામાં આઠ લાખ લોકોનું સ્થળાંતર : ફનીની અસર હેઠળ આંધ્ર અને ઓરિસ્સામાં વરસાદની શરૂઆત : ૧૦૦થી વધુ ટ્રેનો રદ : તમામ સરકારી અધિકારીઓની રજા રદ : વાવાઝોડાની સાથે અતિભારે વરસાદથી ઓરિસ્સા, બંગાળ અને આંધ્રપ્રદેશમાં તંત્ર સંપૂર્ણ સાબદુ : સેના એલર્ટ**

ભુવનેશ્વર,તા. ૨

વિનાશકારી અને તીવ્ર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ ચુકેલા તોફાન અને વાવાઝોડા ફનીને લઈને અસર દેખાવવા લાગી ગઈ છે. પ્રચંડ તાકાત સાથે ત્રાટકે તેના એક દિવસમાં જ ઓરિસ્સા અને આંધ્રપ્રદેશના વિવિધ ભાગોમાં વરસાદની શરૂઆત થઈ ચુકી છે. આવતીકાલે આ વાવાઝોડુ જોરદારરીતે ત્રાટકનાર છે. ત્રીજી મેના દિવસે બપોર સુધીમાં ઓરિસ્સા અને આસપાસના વિસ્તારોમાં તે ત્રાટકનાર છે. રાજ્યના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે નુકસાન ચક્રવાતી વાવાઝોડા ફનીના કારણે થઈ શકે છે. અતિભારે વરસાદ અને પ્રચંડ વાવાઝોડાના કારણે નુકસાનને પહોંચી વળવા માટે તૈયારી કરી લેવામાં આવી છે. હાલમાં વાવાઝોડુ ઓરિસ્સાના દરિયાકાંઠાથી આશરે ૪૫૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. આ વાવાઝોડુ હવે છેલ્લા છ કલાકમાં પ્રતિકલાક પાંચ કિલોમીટરની ઝડપથી આગળ વધી રહ્યું છે. ઉરીના દક્ષિણ કાંઠાના વિસ્તારોમાં તે ત્રાટકનાર છે. ગંજામ, ગજપતિ, ખુરદા, પુરી, જગતસિંગપુર, કેન્દ્રપાડા, ભાદ્રક, જાજપુર અને બાલાસોરમાં પ્રચંડ પવન સાથે ભારે વરસાદ થશે. જો કે, ઓરિસ્સાના વિવિધ ભાગોમાં વરસાદની શરૂઆત થઈ ચુકી છે. બીજી બાજુ પશ્ચિમ બંગાળ, આંધ્રપ્રદેશમાં પણ તેની અસર જોવા મળશે.

● અનુસંધાન પાન-૭ પર



## ફાની વાવાઝોડાના પગલે વડાપ્રધાને શ્રેણીબદ્ધ સમીક્ષા બેઠકો યોજી

**નુકસાનને ટાળવા માટે તમામ તૈયારીઓ કરાઈ : ઓરિસ્સાના દરિયાકાંઠેથી લાખો લોકોને ખસેડી લેવાયા ચલો એલર્ટ જાહેર**

નવીદિલ્હી, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સુપર સાયક્લોનિક વાવાઝોડાની અસર વધારે રહેનાર છે તેવા અહેવાલ આવ્યા બાદ બેઠકોનો દોર શરૂ કરી દીધો છે. વડાપ્રધાને આજે તૈયારીને લઈને સમીક્ષા બેઠખ યોજી હતી. ઓરિસ્સામાં બચાવ અને રાહત ટીમો હાઈએલર્ટ પર મુકી દેવામાં આવી છે. આવતીકાલે સવારે આઠ વાગ્યાથી લઈને ૧૦ વાગ્યા વચ્ચે ઉરી નજીક ગોપાલપુર પાસે ત્રાટકી શકે છે. લાખો લોકોને ખસેડી લેવાયા છે. ૧૩ જિલ્લાઓના નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને ખસેડવામાં આવ્યા છે. ૧૯૯૯માં સુપર સાયક્લોન બાદથી આને સૌથી વિનાશકારી ચક્રવાત તરીકે ગણવામાં આવે છે તે વખતે ઓરિસ્સામાં ભારે વિનાશ થયો હતો અને ૧૦૦૦૦ લોકોના મોત થયા હતા અને નુકસાન અભૂતપૂર્વ રહ્યું હતું. હવામાન વિભાગના કહેવા મુજબ દરિયાકાંઠાના ઓરિસ્સામાંથી લાખો લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. તૈયારી તીવ્ર કરાઈ છે.

# યુપીના નક્સલી જિલ્લામાં એલર્ટ જાહેર

**ઉત્તરપ્રદેશમાં પણ હુમલાના ખતરાને લઇ એલર્ટ : સોનભદ્ર, મિરઝાપુર, ચંદોલી જિલ્લાઓમાં એલર્ટ જાહેર**

લખનૌ, તા. ૨

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં થયેલા નક્સલી હુમલા બાદ સુરક્ષા સંસ્થાઓ સાવધાન થઈ ગઈ છે. દેશમાં નક્સલવાદીગ્રસ્ત અન્ય ક્ષેત્રોની સાથે સાથે ઉત્તરપ્રદેશમાં પણ ખતરો તોળાઈ રહ્યો છે. ઈન્ટેલીજન્સ બ્યુરોએ ઉત્તરપ્રદેશના નક્સલવાદીગ્રસ્ત સોનભદ્ર, મિરઝાપુર, ચંદોલી જિલ્લામાં એલર્ટની સાથે સાથે નેપાળની સરહદ સાથે જોડાયેલા ક્ષેત્રમાં સાવચેતી રાખવા માટેના આદેશ જારી કરાયા છે. આઈબી તરફથી એલર્ટ ઉત્તરપ્રદેશની પોલીસ માટે જારી કરાયા છે. અત્રે નોંધનીય છે કે, મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં બુધવારના દિવસે નક્સલીઓના છુપા હુમલામાં ૧૫ જવાન શહીદ થયા હતા. આ તમામ જવાન મહારાષ્ટ્રના સી-૬૦ કમાન્ડો ટીમના હતા. નક્સલવાદીઓ દ્વારા કરવામાં આવેલા આઈઈડી બ્લાસ્ટમાં ક્વિક રિસ્પોન્સ ટીમના જવાનો સકંજામાં આવ્યા હતા.

## વિશ્વ પાકિસ્તાનમાંથી આતંક ખતમ કરવા પ્રતિબદ્ધ : અમેરિકા

વૉશિંગ્ટન,તા. ૨

જૈશ-એ-મોહમ્મદ ચીફ મસૂદ અઝહરને સંયુક્ત રાષ્ટ્ર (યુએન)માં વૈશ્વિક આતંકી જાહેર કરવાના ભારતના પ્રયત્નો સફળ થયા છે. તેની પાછળ અમેરિકા, ફ્રાન્સ અને બ્રિટનનું ચીન પર સહયોગી દબાણ પણ મહત્વનું રહ્યું.

અમેરિકાના ડિફેન્સ મિનિસ્ટર માઈક પોમ્પિયોએ તેના વખાણ કરતા યુએન સ્થિત અમેરિકન મિશનના પ્રયત્નોના વખાણ કર્યા. તેઓએ આ નિર્ણયને આતંક વિરૂદ્ધ અમેરિકન કૂટનીતિ અને આતંરરાષ્ટ્રીય સમુદાયની જીત ગણાવી. સાથે જ દક્ષિણ એશિયામાં શાંતિ માટે મોટું પગલું ગણાવ્યું. વ્હાઈટ હાઉસે પણ મસૂદને વૈશ્વિક આતંકી જાહેર કરવા પર નિવેદન જાહેર કર્યુ. જેમાં કહેવામાં આવ્યું કે, મસૂદનો મુદ્દો દર્શાવે છે કે, વિશ્વ સમુદાય પાકમાંથી આતંક ખતમ કરવા કેટલું પ્રતિબદ્ધ છે.

## સીબીએસઈ ધો.૧૨નું પરિણામ જાહેર

ન્યુ દિલ્હી,તા. ૨

૨૦૧૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વખતે સીબીએસઈની પરીક્ષા વહેલી લેવામાં આવી હતી અને ગુરુવારે સીબીએસઈના ધોરણ-૧૨ના પરિણામ જાહેર કરાયા હતા. સીબીએસઈએ એક સાથે તમામ ૧૨ ઝોનના પરિણામ જાહેર કરી દીધા છે. ધોરણ-૧૨માં ૧૩ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જેમાંથી ૮૩.૪ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. સૌથી વધુ પરિણામ કેરળના ત્રિવેન્દ્રમનું છે. જ્યાં ૯૮.૨ ટકા વિદ્યાર્થી પાસ થયા છે. બીજા સ્થાને ૯૨.૯૩ ટકા સાથે ચેન્નાઈ છે, દિલ્હી ૯૧.૭૮ ટકા સાથે ત્રીજા ક્રમે છે. ગાઝિયાબાદની હંસિકા શુક્લા અને મુઝફ્ફરનગરની કરિશ્મા અરોરાએ સંયુક્ત રીતે ટોપ કર્યુ છે. બંનેએ ૫૦૦માંથી ૪૯૯ માર્ક મેળવ્યા છે.

## કુખ્યાત ડાકુ મલખાન સિંહ શિવપાલની પાર્ટીમાંથી ચૂંટણી લડશે

લખનૌ,તા. ૨

૧૯૭૦ના દાયકાના ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશમાં ડરનાં પર્યાય બની ગયેલા કુખ્યાત ડાકુ મલખાન સિંહ હવે રાજકારણનાં મેદાનમાં ઉતર્યા છે. ૭૬ વર્ષીય મલખાન સિંહ રાજપૂત લખનૌની ધૌરહરા બેઠક પર શિવપાલ યાદવની પ્રગતિશીલ સમાજવાદી પાર્ટી તરફથી લોકસભા ચૂંટણીમાં પોતાનું ભાગ્ય અજમાવવા માટે ઉતર્યા છે.

# ઈસ્લામિક પ્રચારક જાકીર નાઈકની વિરૂદ્ધ ચાર્જશીટ

**એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ચાર્જશીટ દાખલ : ૧૯૩.૦૬ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ માટેનો આક્ષેપ થયો : જાકીરની ગતિવિધિ ઉપર સુરક્ષા સંસ્થાઓની નજર**

નવી દિલ્હી, તા. ૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વિવાદાસ્પદ ઈસ્લામિક ધર્મગુરુ જાકીર નાઈક અને અન્યની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. જાકીર નાયકની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા બાદ તેના પર સકંજો મજબૂત કરવામાં આવ્યો છે. જાકીર નાઈક પર કુલ ૧૯૩.૦૬ કરોડ રૂપિયાની મની લોન્ડરિંગનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઈડીએ જાકીર નાઈક અને તેમના સાથીઓની સામે ૨૨મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે મની લોન્ડરિંગનો કેસ પણ દાખલ કરવામાં આવ્યો હતો. જાકીર નાઈક હાલમાં મલેશિયામાં રહે છે. જાકીર નાઈક સામેછેલ્લા ઘણા સમયથી મામલાઓ ચાલી રહ્યા છે. ઈડીએ તેમની ગતિવિધિ પર બાજ નજર કેન્દ્રિત કરી દીધી છે. જાકીર નાઈક ઉપર આતંકવાદીઓને પ્રોત્સાહન આપવાનો પણ આક્ષેપ થયેલો છે. આ પહેલા માર્ચ ૨૦૧૯માં ઈડીએ જાકીર નાઈકના એક સાથીને મુંબઈમાં પકડી પાડ્યો હતો. પ્રોફેશનથી જ્વેલર એવા નઝમુદીન સાથકની સામે પણ કાર્યવાહી કરવામાં આવી ચુકી છે. તેમની ધરપકડ કરવામાં આવ્યા બાદ તપાસ પ્રક્રિયા ચાલી રહી છે. નઝમુદીનને નાઈકની મદદ કરવા અને મની લોન્ડરિંગમાં સહાયતા

● અનુસંધાન પાન-૭ પર

અંતરનો ઉમળકો



શ્રી દેવેન્દ્રસિંહ ચંદનસિંહ ચાવડા (જીગાબાપુ)
ચેરમેનશ્રી, સ્થાયી સમિતિ, ગાંધીનગર મહાનગરપાલિકા

આપની ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેનપદે થયેલ વરણીને અમે અંતરના ઉમળકાથી વધાવીએ છીએ... આપના નેતૃત્ત્વમાં ગાંધીનગર શહેરના વિકાસમાં નવી ઉંચાઈઓ પ્રાપ્ત થાય અને પ્રજાકીય પ્રશ્નોના ઝડપી નિરાકરણ થાય એવી શુભકામનાઓ પાઠવીએ છીએ...

ભાવિન એમ. પટેલ
પ્રમુખ - પનઘટ કલા કેન્દ્ર

કશ્યપ અમીન | પ્રતિક પટેલ
વિરલ ભાવસાર | પ્રણવ સોની
જીજ્ઞેશ પટેલ | જયેશ દેસાઈ (ચકાભાઈ)
મંથન ભટ્ટ | જયદિપસિંહ સોલંકી
ડો. ચિરાગ શાહ | ડો. આનંદ બારોટ
કલ્પેશ પટેલ | અંકિત પટેલ
વિક્રમ ચગ | ભરત દેસાઈ
પ્રજેશ પઢિયાર | હિતેશ પટેલ

અંગ્રેજી બોલતા શીખો
અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવો અને તમારા સપના સુધી પહોંચો
• Personality Development
• Public Speaking, Slang, Accent
• Reading, Writing, Listening & Speaking Practice
• Group Discussion, Debates, Word Building
સ્પેશયલ વેકેશન બેચ
IELTS English for International Opportunity | STUDENT VISA | BAPU GUJARAT KNOWLEDGE VILLAGE
R K ACADEMY OF EXCELLENCE PVT. LTD. www.rkacademy.net inquiry@rkacademy.net
બાપુ ગુજરાત નોલેજ વિલેજ, ગાંધીનગર- માણસા રોડ, વાસણ, ગાંધીનગર- 382650
Call: 72 708 72 708

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

Entrance Test : 25th May, 2019
Apply Online @ sls.pdpu.ac.in before 18th May, 2019
PDPU — UGC RECOGNIZED — PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY
NAAC Accreditation 'A' Grade (CGPA 3.39/4.0)
GANDHINAGAR COUNSELLING
PANDIT DEENDAYAL PETROLEUM UNIVERSITY Raisan, Gandhinagar - 382421
5th May, 2019 10am to 12pm
SLS SCHOOL OF LIBERAL STUDIES
ADMISSIONS OPEN 2019 — 11th Batch Intake
B.B.A./B.A. (Honours) | B.Com. (Honours) | B.Sc. (Honours)
ALL INDIA ENTRANCE TEST CENTRES
Bengaluru, Indore, Kolkata, Mumbai, New Delhi, Udaipur, Bhavnagar, Gandhinagar, Rajkot, Surat & Vadodara
079-23275240 / 41 / 43 / 44
@slspdpu @slspdpu

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225